iRf

# Oasis

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનુ ત્રિમાસિક મુખપત્ર
અંક – ૮૬ : ઓક્ટોબર–ડિસેમ્બર ૨૦૨૩

## તંત્રીસ્થાનેથી . . .

**સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો**

**અમદાવાદ ચેપ્ટર**

૧. શ્રીમતી પ્રીતીબેન અદાણી
૨. શ્રી પી. કે. લહેરી
૩. શ્રી હેમંતભાઈ શાહ
૪. પદ્મશ્રી ડો. કુમારપાલ દેસાઈ
૫. શ્રી રશ્મિકાંતભાઈ શાહ
૬. શ્રી રમેશભાઈ પટેલ
૭. શ્રીમતી જયશ્રીબેન મહેતા
૮. શ્રી શુભાંગભાઈ શાહ
૯. ડો. વી. એન. શાહ
૧૦. શ્રી નિલેશભાઈ દેસાઈ
૧૧. શ્રી ભરતભાઈ મોદી
૧૨. શ્રીમતી રેખાબેન ચોના
૧૩. શ્રી જયંતિભાઈ સંઘવી
૧૪. શ્રી જગતભાઈ કિનખાબવાલા

**વડોદરા ચેપ્ટર**

૧. રાજમાતા શુભાંગીની રાજે ગાયકવાડ
૨. શ્રી કરણ ગ્રોવર
૩. શ્રી મહેશભાઈ શાહ
૪. શ્રી જાલ પટેલ
૫. શ્રી યોગેશભાઈ વેલાણી
૬. શ્રી મધુભાઈ મહેતા
૭. શ્રી કુંજલભાઈ પટેલ
૮. શ્રી રોહિતભાઈ પરીખ
૯. શ્રી નિલેશભાઈ શુકલા

**સુરત ચેપ્ટર**

૧. શ્રી શરદભાઈ કાપડિયા
૨. શ્રી આઈ. જે. દેસાઈ
૩. શ્રી રજનીકાંતભાઈ કે. મારફતિયા
૪. શ્રી રાજેન્દ્રભાઈ ચોખાવાલા
૫. ડૉ. શ્રીમતી મીનાબેન માંડલેવાલા
૬. ડૉ. પ્રફુલભાઈ શિરોયા
૭. શ્રી ભરતભાઈ શાહ
૮. શ્રી રોહિતભાઈ મહેતા
૯. શ્રી કમલેશભાઈ યાજ્ઞિક
૧૦. શ્રી પ્રદિપભાઈ કલકત્તાવાલા
૧૧. કુ. જીજ્ઞાસાબેન ત્રિવેદી
૧૨. ડૉ. પ્રદીપભાઈ અટોદરિયા

**પ્રિય મિત્રો,**

નમસ્કાર !

વર્ષ ૨૦૨૩ નો છેલ્લો ત્રિમાસિક સમયગાળો સમાજના જવાબદાર નાગરિકોના સહકારથી વિવિધ અર્થપૂર્ણ પ્રવૃત્તિઓથી ભરપૂર રહ્યો હતો. ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન છેલ્લા ૨૧ વર્ષથી સતત સમાજના લોકોમાં કિડની રોગો અંગે જાગૃતિ લાવવા સતત સક્રિય છે. કિડની રોગ એક શાંત અને ઘાતક પ્રકારની બીમારી છે. જો કે સતર્કતા અને જાગૃતિ તેમજ સમયસરના નિદાનથી તેની વહેલી ઓળખ કરવી શક્ય છે. સંસ્થા સમગ્ર ગુજરાત રાજ્યમાં વિવિધ સ્થળો પર કિડની જાગૃતિ કાર્યક્રમો અને નિદાન કેમ્પનું આયોજન કરીને જાગૃતિ લાવવા માટે પ્રયત્નશીલ છે અને એ સંસ્થાની મુખ્ય પ્રવૃતિ છે.

સંસ્થા દ્વારા આ સમયગાળા દરમિયાન કુલ ૮૮ કિડની જાગૃતિ કાર્યક્રમો અને ૫૪ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અને કિડની તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કુલ ૩,૯૨૦ લોકોએ લાભ લીધો હતો અને દરેક લાભાર્થીને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આપ સૌ જાણો છો કે IRF એ IFKF (International Federation of Kidney Foundations) નું સભ્ય છે. જેમાં વિશ્વભરમાં કિડનીના ક્ષેત્રમાં કામ કરતી અન્ય સંસ્થાઓ પણ જોડાયેલી છે. IFKF સંસ્થા દ્વારા ત્રિમાસિક મુખપત્ર પ્રસિદ્ધ કરવામાં આવે છે જેમાં સભ્ય સંસ્થાઓએ કરેલ કામગીરીનો ઉલ્લેખ કરવામાં આવે છે. તેમના દરેક મુખપત્રમાં આપણી સંસ્થા દ્વારા કરેલ પ્રવૃત્તિઓની વિગતે માહિતી પ્રસિદ્ધ કરવામાં આવે છે જે અમારા માટે ગર્વની વાત છે. આ મુખપત્ર વાંચવા માટે આપ www.ifkf.org વેબસાઈટની મુલાકાત લઈ શકો છો.

કિડનીના દર્દીઓના પુનઃર્વસન માટે ચાલતા 'પ્રેરણા' કાર્યક્રમ અંતર્ગત અમે વિવિધ વિષયો ઉપર નિષ્ણાત વ્યક્તિઓને આમંત્રિત કરી આ હેતુને પરિપૂર્ણ કરવા માટેનું કાર્ય સતત કરી રહયા છીએ. અમારા દરેક ચેપ્ટર ખાતે આ કાર્યક્રમોનું આયોજન નિયમિત રીતે થઈ રહ્યું છે. આ પ્રકારના કાર્યક્રમોમાં યોગા, મેડિટેશન, એજ્યુકેશન અને મનોરંજક કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

જરૂરિયાતમંદ કિડનીના દર્દીમિત્રોને સારવાર માટે મદદ કરવાના હેતુથી ચલાવવામાં આવતા અમારા 'સેવ અ લાઈફ' કાર્યક્રમ અંતર્ગત આ સમયગાળા દરમિયાન સંસ્થા દ્વારા ૬૧ કિડનીના દર્દીમિત્રોને દવાઓ અને AV ફિસ્ટુલાના ઓપરેશન માટે રૂ. ૨,૦૮,૩૫૧ ની સહાય કરવામાં આવી હતી.

આ અભિયાનને સતત આગળ વધારવા માટે અમારા દરેક ચેપ્ટરના સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યશ્રીઓ અને ઉદાર હાથે દાન આપનાર દાતાશ્રીઓએ પોતાનું જે અમૂલ્ય યોગદાન આપ્યું છે તે બદલ હું સર્વેનો હૃદયપૂર્વક આભાર માનું છું.

વડોદરા ચેપ્ટરના અમારા સ્થાનિક સલાહકાર સમિતિના સક્રિય સભ્ય શ્રી યોગેશભાઈ વેલાણીના પ્રયત્નોથી શ્રીમતી ચિત્રાબેન અંબાલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રૂ.૧,૧૧,૦૦૦ નું દાન પ્રાપ્ત થયું છે તે બદલ હું તેમનો આભાર વ્યક્ત કરું છુ.

આપ સૌને નવું વર્ષ ૨૦૨૪ સુખ, શાંતિ, તંદુરસ્તી અને સમૃદ્ધિ બક્ષે તેવી શુભેચ્છા સહ.

ત્રિલોકભાઈ પરીખ
ચેરમેન

# જાગૃતિ કાર્યક્રમ : (Prevention Through Awareness Programme)

## કિડની જાગૃતિ કાર્યક્રમોની એક ઝલક




ઇન્ડિયન ઓવરસીઝ બેન્ક હેડ ઓફીસ, અમદાવાદ




યુ.જી.વી.સી.એલ હેડ ઓફિસ, ગાંધીનગર



બાલાજી વેફર્સ પ્રાઇવેટ લિમિટેડ, રાજકોટ



અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન, સુરત



સાર્વજનિક બી.સી.એ. કોલેજ, મહેસાણા




સરકારી આઈ.ટી.આઈ, ગોત્રી, વડોદરા

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો હિંમતનગર ચેપ્ટર

૧. ડો. ચીમનભાઈ પટેલ
૨. શ્રી ચંદ્રકાન્તભાઈ સી. શેઠ
૩. શ્રી ગિરીશભાઈ ભાવસાર
૪. શ્રી મહેન્દ્રસિંહભાઈ પી. ચૌહાણ
૫. શ્રી કુંજબિહારી જે. પટેલ
૬. શ્રી ગોપાલસિંહ એન. રાઠોડ
૭. શ્રી બાલકૃષ્ણ એમ. ઠક્કર
૮. ડો. કેવલભાઈ એમ.પટેલ

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો ગીર–સોમનાથ ચેપ્ટર

૧. શ્રી પ્રવીણભાઈ કે. લહેરી
૨. શ્રી વિજયસિંહ ચાવડા
૩. શ્રી જગમલભાઈ વાલા
૪. શ્રી રમેશભાઈ ચોપડકર
૫. શ્રી જીતેન્દ્રભાઈ મહેતા
૬. શ્રી સુરેશભાઈ કંપાણી
૭. શ્રી ગીરીશભાઈ ઠક્કર
૮. ડો. શ્રી રાજુભાઈ ક્રિષ્નાની
૯. શ્રી તેજસભાઈ પંડયા
૧૦. શ્રી અરુણકુમાર શર્મા

# બીપી, ડાયાબિટીસ અને કિડની નિદાન કેમ્પ



જીવન સંધ્યા ઓલ્ડ એજ હોમ, અમદાવાદ




ગામ– વડુસ્વામી, તા.– કલોલ, જી.– ગાંધીનગર




દીપ એવન્યુ સોસાયટી શાહીબાગ, અમદાવાદ




શક્તિ સોસાયટી, રાજકોટ




ગામ–મેમદપુર, તા.–જોટાણા, જી.–મહેસાણા




હાદાનગર સ્કૂલ, ભાવનગર

## સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
## ભાવનગર ચેપ્ટર

૧. શ્રી જનાર્દનભાઈ ભટ્ટ
૨. શ્રી સુનીલભાઈ વડોદરીયા
૩. શ્રી ચેતનભાઈ કામદાર
૪. શ્રી રાજુભાઈ બક્ષી
૫. શ્રી મેહુલભાઈ પટેલ
૬. શ્રી સુમિતભાઈ ઠક્કર

## સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
## રાજકોટ ચેપ્ટર

૧. શ્રી રમેશભાઈ પટેલ
૨. શ્રી ચંદુભાઈ વિરાણી
૩. શ્રી હરેશભાઈ વોરા
૪. શ્રી શંભુભાઈ પરસાણા
૫. શ્રી સુધીર ભીમાણી
૬. શ્રી કમલેશ જોષીપુરા
૭. શ્રી કિશોરભાઈ કોટક
૮. શ્રી મિત્તલભાઈ પટેલ
૯. શ્રી રજનીભાઈ પટેલ
૧૦. શ્રી રમેશભાઈ ઠક્કર
૧૧. શ્રી ડેનીશ આડેસરા

# જાહેર કિડની જાગૃતી કાર્યક્રમ

## વડોદરા

ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન અને એસ.આર.પી ગ્રુપ ૯ ના સયુંકત ઉપક્રમે 'વિશ્વ ડાયાબિટીસ દિવસ'ના અનુસંધાનમાં સર સયાજીરાવ ગાયકવાડ મેડિકલ કોલેજમાં પ્રોફેસરની ફરજ બજાવતા ડૉ શ્રી નરેન્દ્ર પાલીવાલ (આસિસ્ટન્ટ પ્રોફેસર ઇન ફાર્માકોલોજી) સાહેબનું 'ડાયાબિટીસ અને હાઇ બ્લડપ્રેશરની કિડની પર પડતી આડ અસરો' વિષય પર પોલીસ જવાનો માટે વક્તવ્ય યોજવામાં આવ્યું હતું. સાથે સાથે તેમની માટે ડાયાબિટીસ, બીપી તથા સીરમ ક્રિએટીનાઈન તપાસ કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સેનાપતિ શ્રી અશોકભાઈ પટેલ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. જે જવાનોનું શુગર–બ્લડપ્રેશર જરૂર કરતાં વધારે આવ્યું હતું તેમનું ડો. પાલીવાલ સાહેબ દ્વારા કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું.


કેમ્પમાં ભાગ લેતા ગુજરાત પોલિસના જવાનો



કાઉન્સેલિંગ કરતા ડો.નરેન્દ્ર પાલિવાલ

પ્રેરણા
પુનઃવર્સન કાર્યક્રમ

## "પ્રેરણા એટલે હિમોડાયાલિસીસ અને કિડની ટ્રાન્સપ્લાન્ટની સારવાર લેતા કિડનીના દર્દી મિત્રોને આનંદપૂર્વક જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરતુ એક વિશિષ્ટ સંગઠન"

## અમદાવાદ

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા વર્ષ ૨૦૦૨ માં કિડનીના દર્દીઓના પુનઃવર્સન માટે શરૂ કરવામાં આવેલ 'પ્રેરણા' કાર્યક્રમે ઓક્ટોમ્બર ૨૦૨૩ માં ૨૧ વર્ષ સફળતા પૂર્વક પૂર્ણ કર્યા છે અને તેની ઉજવણીના ભાગરૂપે તારીખ ૪ નવેમ્બર ૨૦૨૩, શનિવારના રોજ બી.કે. હોલ, પ્રીતમનગર અખાડા, પાલડી ખાતે પ્રેરણા સભ્યો માટે મ્યૂઝિક અને રાસ–ગરબાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં મ્યુઝિક લવર્સ ગ્રૂપના સેવાભાવી સભ્યોને આમંત્રિત કરવામાં આવ્યા હતા જેઓએ વિવિધ ગીતો અને ગરબા ગાઈને પ્રેરણા સભ્યોને ખૂબ જ આનંદ કરાવ્યો હતો. આ પ્રેરણા કાર્યક્રમમાં પ્રેરણા સભ્યો માટે ભોજનની વ્યવસ્થા સંસ્થાના અમદાવાદ ખાતેની સલાહકાર સમિતિના સભ્ય અને HOCCO Eatery ના માલિક શ્રીમતી રેખાબેન ચોના તરફથી કરવામાં આવી હતી. તે બદલ સંસ્થા એમનો આભાર વ્યક્ત કરે છે. મ્યુઝિક લવર્સ ગ્રુપના સભ્ય શ્રી જિગ્નેશભાઈ પટેલ આ પ્રસંગે રૂ. ૧૫,૦૦૦નું દાન સંસ્થાને આપ્યું હતું. અમે શ્રી જિગ્નેશભાઈ પટેલ તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરનાર શ્રી રૂપેશભાઈ શાહ અને શ્રી ધવલભાઈ પટેલ તેમજ મ્યુઝિક લવર્સ ગ્રુપના તમામ સભ્યોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.


પ્રેરણા મિત્રોને મનોરંજન કરાવતા મ્યુઝિક લવર્સ ગ્રૂપના સભ્યો


રાસ–ગરબાનો આનંદ માણતા પ્રેરણા સભ્યો

આ ઉપરાંત અન્ય એક પ્રેરણા એજ્યુકેશન કાર્યક્રમનું આયોજન તારીખ ૨૩ ડિસેમ્બર ૨૦૨૩, શનિવારના રોજ સદવિચાર પરિવાર ખાતે કરવામાં આવ્યું હતું જેમાં કિડનીના નિષ્ણાત તબીબ ડો. જીગર શ્રીમાળીને (નેફ્રોલોજીસ્ટ) આમંત્રિત કરવામાં આવ્યા હતા જેઓએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા સરળ ભાષામાં કિડનીના દર્દીઓને લેવી પડતી સારવાર અને તે દરમ્યાન આવતી સમસ્યાઓ તેમજ આહાર વિષેની વિસ્તૃત માહિતી આપી હતી. કાર્યક્રમ દરમિયાન પ્રેરણા સભ્યોએ પોતાને મૂંઝવતા પ્રશ્નો ડોક્ટર સાહેબને રજૂ કર્યા હતા અને ડો. જીગર શ્રીમાળીએ તેમનો સંતોષકારક જવાબ આપ્યો હતો.



ડો. જીગર શ્રીમાળી

## ભાવનગર

સંસ્થાના ભાવનગર ચેપ્ટર દ્વારા પ્રેરણા મિત્રો દ્વારા તૈયાર કરેલા ફેન્સી દિવા ભાવનગરના કલેકટર શ્રી આર. કે. મહેતા, ડી.ડી.ઓ શ્રી ડો. પ્રશાંત જીલોવા અને જિલ્લાના સુપ્રિનટેન્ડન્ટ ઓફ પોલીસ શ્રી ડો. રવીન્દ્ર પટેલને આપીને દિવાળીની શુભેચ્છા પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાની સલાહકાર સમિતિના સક્રિય સભ્ય શ્રી સુમિતભાઈ ઠક્કર ઉપસ્થિત રહયા હતા અને દરેક અધિકારી શ્રીને સંસ્થાની પ્રવૃત્તિઓથી માહિતગર કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત તારીખ ૧૦ નવેમ્બર ૨૦૨૩ ના રોજ 'પ્રેરણા' અંતર્ગત ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ખાતે સૌ પ્રેરણા મિત્રોએ પોતાના પરિવાર સાથે મળીને દિવાળીના તહેવારની ઉત્સાહપૂર્વક ઉજવણી કરીને ખૂબ જ આનંદ કર્યો હતો અને સૌ પ્રેરણા મિત્રોએ સાથે રાત્રી ભોજન લીધું હતું.







## વડોદરા

૩૧મી ડિસેમ્બર ૨૦૨૩ ના રોજ 'પ્રેરણા' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રિધમ હોસ્પિટલના ડાયટિશિયન આસ્થા મહિડાને આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેઓએ હિમોડાયાલિસીસ અને કિડની ટ્રાન્સપ્લાન્ટની સારવાર લેતા પ્રેરણા સભ્યોને ખૂબ જ સરળ ભાષામાં દૈનિક જીવનમાં તંદુરસ્ત આહારની જરૂરિયાત, મહત્વ અને તેનું સંચાલન કેવી રીતે કરવું તેની સમજ આપી હતી તેમજ પ્રેરણા સભ્યોના પ્રશ્નોના સંતોષકારક જવાબ આપ્યા હતા.



પ્રેરણા સભ્યોને સંબોધતા ડાયટિશિયન આસ્થા મહિડા



પ્રેરણા સભ્યો

## અંકલેશ્વર

અમદાવાદ ખાતેની સલાહકાર સમિતિના સક્રીય સભ્ય શ્રી જગતભાઈ કિનખાબવાલા તથા શ્રી જયાબેન મોદી હોસ્પિટલના ટ્રસ્ટી અને કન્વીનર શ્રી કમલેશભાઈ ઉદાણીના માર્ગદર્શન અને સહયોગથી ડાયમંડ ચિલ્ડ્રન થિયેટર અંકલેશ્વર ખાતે તા. ૨૯ ઓકટોબર ૨૦૨૩, રવિવારના રોજ ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા પ્રથમ વખત 'પ્રેરણા' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં "જીવનમાં હાસ્ય અને માનસિક સ્વસ્થતા" વિષય પર વડોદરાના પ્રખ્યાત હાસ્યકાર ડૉ. રાજેન્દ્રભાઈ હાથીએ દર્દીમિત્રોને પોતાના અનોખા અંદાજમાં હસાવીને મનોરંજન પીરસ્યું હતું. આ સાથે શ્રીમતી અવનીબેન વ્યાસ અને શ્રી કૌશિકભાઈ મેહતાએ પણ પોતાની આગવી શૈલીમાં પ્રેરણામિત્રોને મનોરંજન કરાવ્યું હતું. આ કાર્યક્રમમાં હોસ્પિટલના ટ્રસ્ટી શ્રી કિરણભાઈ મોદી અને મેડિકલ ડિરેક્ટર શ્રીમતી આતમીબેન ડેલીવાલા ઉપસ્થિત રહ્યા હતા. ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન શ્રી જગતભાઈ કિનખાબવાલા તથા શ્રી કમલેશભાઈ દ્વારા આ કાર્યક્રમ માટે આપેલ તેઓના યોગદાન માટે ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે.



પ્રેરણા સભ્યોને મનોરંજન આપતા ડો.રાજેન્દ્ર હાથી

## સુરત

તારીખ ૨૯ ઓકટોબર ૨૦૨૩ ના રોજ 'પ્રેરણા' કાર્યક્રમ અંતર્ગત પ્રેરણામિત્રો માટે રાસ–ગરબા અને કેટવોક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌપ્રથમ જગત જનની માં અંબેની આરતીથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી પછી સૌ પ્રેરણા સભ્યો મન ભરીને ઉત્સાહપૂર્વક ગરબે ઘૂમ્યા હતા. ત્યારબાદ કેટવોક સ્પર્ધા કરવામા આવી હતી જેમાં ભાગ લેનાર દરેક પ્રેરણા સભ્યોને પ્રોત્સાહનરૂપે ઈનામ વિતરણ કરવામાં આવ્યું. કાર્યક્રમના અંતે રાષ્ટ્રગીત ગાઈને સૌએ સાથે રાત્રિભોજન લીધું હતું.



આરતીમાં જોડાયેલ પ્રેરણા સભ્યો



ગરબાની મઝા માણતા પ્રેરણા સભ્યો

## મહેસાણા

સંસ્થાના મહેસાણા ચેપ્ટર દ્વારા તારીખ ૧૫ ઓકટોબર ૨૦૨૩ ના રોજ નવરાત્રિના પ્રથમ દિવસે પ્રેરણા સભ્યો માટે રોટરી ભવન ખાતે ગરબા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સ્થાનિક સલાહકાર સમિતિના સક્રિય સભ્ય શ્રી ચંદુભાઈ પટેલ, સિનિયર સિટીઝન કાઉન્સિલના પ્રમુખ શ્રી સોમાભાઈ પટેલ, રોટરી કલબ ઓફ મહેસાણા ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી નરોત્તમભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહયા હતા અને સૌ પ્રેરણામિત્રોનો ઉત્સાહ વધાર્યો હતો. આ કાર્યક્રમમાં કેટલાક દર્દી મિત્રો દ્વારા ખૂબ જ સુંદર ફેન્સી દીવા બનાવવાની કામગીરી કરવામાં આવી હતી અને આમંત્રિત મહેમાનોને આ દીવા ભેટ તરીકે આપવામાં આવ્યા હતા.




માં અંબેની આરતી ઉતારતા શ્રી ચંદુભાઈ પટેલ અને અન્ય સભ્ય શ્રીઓ




પ્રેરણા કાર્યક્રમ, મહેસાણા



પિકનિકની મઝા માણતા પ્રેરણા સભ્યો

મહેસાણા ખાતે અન્ય એક 'પ્રેરણા' પિકનિકનું આયોજન તારીખ ૫ નવેમ્બર ૨૦૨૩ના રોજ રિજિયોનલ સાયન્સ સેન્ટર, પાટણ ખાતે કરવામાં આવ્યું. જેમાં સૌ પ્રથમ રિજિયોનલ સાયન્સ સેન્ટર ખાતે પહોંચીને સેન્ટર ગાઈડને મળીને સેન્ટરની મુલાકાતનો પ્રારંભ કર્યો હતો. પ્રેરણા સભ્યોને સેન્ટરમાં ત્યાંના થિયેટર રૂમમાં પૃથ્વીની અને ડાયનાસોર જીવની ઉત્પતિની શરૂઆત કેવી રીતે થઈ તેની ક્લિપ પિક્ચર સ્વરૂપે બતાવવામાં આવી. ત્યારબાદ મનુષ્યના શરીરની રચના અને મહાન વૈજ્ઞાનિકો તેમજ કિડની વિષય પર તૈયાર કરેલા વિડિયો પણ પ્રેરણા સભ્યોને બતાવવામાં આવ્યા. આ સેન્ટરની વિઝિટ માટેનો ટીકીટ ખર્ચ ગજાનંદ સેલ્સ એન્ડ ડિસ્ટ્રીબ્યુશન દ્વારા આપવામાં આવ્યો હતો. ત્યારબાદ સર્વમંગલમ્ આશ્રમ સાગોડીયાની મુલાકાત લેવામાં આવી ત્યાંના શાંત વાતાવરણમાં પ્રેરણા સભ્યોએ મેડિટેશનનો લાભ લીધો હતો. સર્વે સભ્યોએ સાથે ભોજન લઈને આ એક દિવસીય પ્રવાસનો ખૂબ આનંદ માણ્યો હતો. આ એક દિવસીય પ્રવાસનું સંચાલન સંસ્થાના સલાહકાર સમિતિના સભ્ય શ્રી શરદભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. સંસ્થા તેમની આભારી છે.

## રાજકોટ

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન રાજકોટ દ્વારા 'આજકાલ' નવરાત્રી ગરબા મહોત્સવના આયોજકોના સહયોગથી વિના મૂલ્યે પ્રેરણા સભ્યો, તેમના પરિવારજનો અને ડાયાલિસિસ ટેકનિશિયન મિત્રો માટે તારીખ ૧૪ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ 'ગરબા' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉત્સાહપૂર્વક દરેકે ભાગ લીધો હતો.



આજકાલ નવરાત્રી મહોસવમાં ભાગ લેતા પ્રેરણા મિત્રો

Save a life
Sponsoring Renal Treatment

હિમોડાયાલિસીસ અને કિડની પ્રત્યારોપણની સારવાર લઈ રહેલા જરૂરીયાતમંદ કિડનીના દર્દીઓને 'સેવ અ લાઈફ' કાર્યક્રમ અંતર્ગત ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન સારવાર માટે નાણાકીય સહાય પૂરી પાડવાનો એક નમ્ર પ્રયાસ કરી રહી છે. અત્યાર સુધી સંસ્થા દ્વારા હિમોડાયાલિસીસ અને કિડની પ્રત્યારોપણ પછીની દવાઓ તથા AV ફિસ્ટુલા સર્જરી માટે ઘણા બધા જરૂરિયાતમંદ કિડનીના દર્દીઓને સહાય કરવામાં આવી છે.

આ ત્રિમાસિક સમયગાળા દરમિયાન ૧૫ દર્દીઓને ડાયાલાયઝર, ટ્યુબીન અને ૬૧ જરૂરિયાતમંદ કિડનીના દર્દીઓને દવાઓ માટે રૂ. ૨,૦૮,૩૫૧ની સહાય કરવામાં કરવામાં આવી હતી.

આ ઉપરાંત સંસ્થા દ્વારા એક જરૂરિયાતમંદ કિડનીના દર્દીને AV ફિસ્ટુલા સર્જરી માટે આર્થિક સહાય કરવામાં આવી હતી.

<u>સંસ્થા દ્વારા ચાલતા સેવ અ લાઈફ કાર્યક્રમનો લાભ લેતા દર્દી મિત્રની વાચા :</u>


સીતાબેન લાલભાઈ વાઘરી

સીતાબેન લાલાભાઈ વાઘરી વિસનગર તા. જી મહેસાણાના રહેવાસી છે. છેલ્લા કેટલાક વર્ષોથી તેમને કિડનીની બીમારી હતી અને એ માટેની તેમની સારવાર નૂતન હોસ્પિટલ, વિસનગર ખાતે ચાલતી હતી. પરંતુ છેલ્લા કેટલાક સમયથી તેમની તબિયત વધારે ખરાબ થવાના કારણે ડો. જે.એન ઝવેરી (રોટરી ક્લબ, વિસનગર) દ્વારા મહેસાણા ઉપાસના કિડની હોસ્પિટલ ખાતે ફરજ બજાવતા કિડનીના નિષ્ણાત ડો. નીલ પટેલ (નેફ્રોલોજીસ્ટ) પાસે મોકલવામાં આવ્યા ડો. નીલ પટેલ દ્વારા સીતાબેનને કેટલીક તબીબી પરીક્ષણ કરવાની સૂચના આપી અને તે પરિક્ષણના અભ્યાસ પછી ડૉક્ટર સાહેબ દ્વારા સીતાબેનને લાંબા સમયથી હાઈબ્લડપ્રેશરની તકલીફ હોવાના કારણે તેની ખરાબ અસર કિડની પર પડી હોવાનું જણાવવામાં આવ્યું. સીતાબેનના રિપોર્ટમાં ક્રિએટિનનું સ્તર જરૂર કરતાં વધારે જાણવા મળ્યું જેથી ડો. નીલ પટેલ દ્વારા જાણ કરવામાં આવી કે તેમને ક્રોનિક રીનલ ફેલ્યોરની બિમારી છે અને હિમોડાયાલિસીસની સારવાર શરૂ કરવાની સલાહ આપી. પરંતુ સીતાબેન સામે મોટી સમસ્યા હિમોડાયાલિસીસ પહેલા કરાવવી પડતી AV ફિસ્ટુલાની સર્જરી હતી કેમ કે સીતાબેનની આર્થિક પરિસ્થિતિ ખૂબજ નબળી હોવાથી આ સર્જરી કરાવવા માટે તે સક્ષમ ન હતા. જેથી ડો. નીલ પટેલે તેમને ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનો સંપર્ક કરવા માટે જણાવ્યું. ત્યાર બાદ સંસ્થાના ઓફિસરો દ્વારા દર્દીની મુલાકાત લેવામાં આવી તે દરમિયાન જાણવા મળ્યું કે સીતાબેનને ચાર બાળકો છે અને તમામ બાળકોની ઉંમર ૧૦ થી ૧૫ વર્ષ સુધીની છે. સીતાબેન અને તેમના પતિ છૂટક મજૂરી કરીને ઘર ચલાવતા હતા અને આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાના કારણે સર્જરીનો ખર્ચ કરી શકે તેમ ન હતા જેથી ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન મહેસાણા ચેપ્ટર દ્વારા તેમની આ સર્જરી માટે સંપૂર્ણ નાણાકીય સહાય કરવામાં આવી જે બાદ તેમનું ઓપરેશન સફળતાપૂર્વક પૂર્ણ થયુ અને હવે તેઓ નિયમિત રીતે પોતાની હિમોડાયાલિસીસની સારવાર લઈ શકે છે.

# આ ત્રિમાસિક સમયમાં મળેલ દાનની વિગતો

## મુખ્ય દાતાશ્રીઓ

| | |
|---|---|
| શ્રીમતી ચિત્રાબેન અંબાલાલ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ (શ્રી યોગેશભાઈ વેલાણીના પ્રયત્નથી) | રૂ. ૧,૧૧,૦૦૦/– |
| શ્રી જયંતિભાઈ અંબાલાલ પટેલ, મહેસાણા | રૂ. ૨૧,૦૦૦/– |

## Save a life કાર્યક્રમના દાતાશ્રીઓ

Sponsoring Renal Treatment

| | |
|---|---|
| શ્રી રશ્મિકાંતભાઈ જે. શાહ, અમદાવાદ | રૂ. ૧,૨૦,૦૦૦/– |
| નારાયણ પાવરટેક લિમિટેડ, વડોદરા | રૂ. ૯૦,૦૦૦ /– |
| શિલ્પ ગ્રેવર્સ લિમિટેડ, અમદાવાદ | રૂ. ૨૫,૦૦૦ /– |
| શ્રી રજનીભાઈ પટેલ (શ્રી મેઘજીભાઈ પૂંજાભાઈ મેમોરિયલ ચેરિટેબલ ટ્રસ્ટ, રાજકોટ) | રૂ. ૨૫,૦૦૦ /– |
| ઍક્ટ ઓફ કાઈન્ડનેસ, અમદાવાદ (શ્રી જીગ્નેશભાઈ પટેલ) | રૂ. ૧૫,૦૦૦ /– |
| શ્રી સિદ્ધાર્થભાઈ માણકીવાલા (ટ્યુબરક્યુલોસીસ રીલીફ ઓર્ગેનાઈઝેશન, અમદાવાદ) | રૂ. ૧૧,૦૦૦ /– |
| શ્રીમતી કવિતાબેન શાહ, અમદાવાદ | રૂ. ૩,૦૦૦ /– |

## આજીવન સભ્યપદ (રૂ. ૫,૦૦૦/–)

શ્રીમતી જ્યોતિબેન જી. ચૌધરી, મહેસાણા

શ્રી સોમાભાઇ બી. પટેલ, મહેસાણા

## પાંચ વર્ષનું સભ્યપદ (રૂ. ૧,૦૦૦/–)

શ્રી દેવરામભાઈ જેઠાલાલ અખાણી, મહેસાણા

શ્રી કનુભાઈ સોમનાથભાઈ જોશી, મહેસાણા

શ્રી પ્રમોદભાઈ પિતામ્બરદાસ ગુજ્જર, મહેસાણા

શ્રી જયંતિભાઈ અંબાલાલ પટેલ, મહેસાણા

શ્રી માણેકલાલ રતિલાલ અખાણી, મહેસાણા

શ્રી ચંદ્રકાંતભાઈ મોહનભાઇ પંડ્યા, મહેસાણા

**ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનને આપવામાં આવતુ દાન ઈન્કમ ટેક્સ, સેક્સન ૮૦ G હેઠળ ૫૦% કર રાહતને પાત્ર છે**

Oasis નો આ અંક સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. ના સહયોગથી પ્રકાશિત થયો છે.

iRf

ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન

B–૨૦૪, શપથ – ૪ , કર્ણાવતી કલબની સામે, સરખેજ– ગાંધીનગર હાઈવે, અમદાવાદ– ૩૮૦૦૫૧, ફો, ૦૭૯૪૦૦૨૭૮૮૪

વડોદરા: ૯૨૨૭૧–૦૧૭૬૨ / સુરત: ૯૨૨૭૯–૨૧૦૬૧ / રાજકોટ: ૯૨૨૨૭૨–૫૧૫૮૫ / મહેસાણા: ૮૫૧૧૧–૧૪૨૫૬ / ભાવનગર: ૮૫૧૧૧–૧૪૨૫૭ / ભુજ: ૮૫૧૧૧–૪૮૪૮૨૨૮ / હિંમતનગર: ૬૩૫૪૯–૧૭૬૬૭

E-mail: irf@indiarenalfoundation.org & indiarenalfoundation@gmail.com Visit us at: www.indiarenalfoundation.org

Infindia3080 Irfindia Indiarenalfoundation3521

All contributions to India Renal Foundation are 50% tax exempt u/s 80G